શ્વે૦ ગુરુ વિમલસૂરિની પ્રશ્નોત્તર-રત્નમાલા

પં. લાલચંદ્ર ભગવાન ગાંધી

જિજ્ઞાસુ શિષ્યના ઉપયોગી પ્રશ્નોના, ગુરુએ આપેલા તાત્ત્વિક ઉત્તરોથી ગૂંથાયેલી આ પ્રશ્નોત્તરમાલા સર્વમાન્ય અમૂલ્ય ઉપદેશ-રત્નોથી શોભતી હોઈ એ ખરેખર રત્નમાલા જેવી મહત્ત્વની કીમતી છે, રત્નમાલાના નામને સાર્થક કરે છે. બાહ્ય રત્નોની માલા કરતાં આંતરિક ગુણ-રત્નોની આ માલા અધિક પ્રભાવક, મંગલ-કલ્યાણકારક, આરોગ્ય-દાયક, આયુષ્ય-વર્ધક, હિતકર, શાંતિકર અને સુખકારક થઈ શકે તેવી છે. સાચા રત્ન-પરીક્ષકો (ઝવેરીઓ) તેની ઊંચી કિંમત આંકી શકે છે. એની રચના હજારેક વર્ષ પૂર્વની હોવા છતાં તેનાં તેજસ્વી રત્નો જરાય ઝાંખાં પડ્યા વિના હજી ઝળહળતાં જણાય છે. સંસ્કૃત ભાષામાં ૨૯ આર્યા–ગાથામાં એ રચાયેલી છે. તેની પહેલી ગાથા મંગલ અને અભિધેય દર્શાવે છે અને તેની છેલ્લી ગાથા કવિના નામની નિર્દેશક છે. એ બે ગાથાઓને માલાના મેર તરીકે ગણીએ તો ૨૭ ગાથા-નક્ષત્રોથી દીપતી આ રત્નમાલા નક્ષત્રમાલા જેવી શોભે છે. કંઠને ભાર ન કરે અને કંઠને શોભાવે એવી એ નાજુક અને સુંદર હોઈ સુંદરીઓએ જ નહિ, સત્પુરુષોએ પણ કંઠે ધારણ કરવા યોગ્ય છે—કંઠસ્થ કરવા યોગ્ય છે. એની મનોહરતાએ જૈન–જૈનેતર જનતાને આકર્ષી જણાય છે. એ રત્નમાલા રચનાર તરીકે શ્વે૦ જૈનાચાર્ય સિવાય દિગંબર જૈન રાજા, શંકરાચાર્ય અને શુક યતીન્દ્રનાં પણ નામ જોડાયેલાં છે, તેમાંથી આના વાસ્તવિક સાચા કવિ-ઉપદેશક કયા હોવા જોઇએ? તેની પ્રામાણિક ગવેષણા કરી સત્ય શોધવા અહીં પ્રયત્ન કરવામાં આવે છે.

શ્વેતાંબર જૈન-સમાજમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમાં ચિરકાલથી એનું લેખન, પઠન–પાઠન, વ્યાખ્યાન, ઉપદેશાદિ પ્રચલિત રહેલું જણાય છે. શ્વે૦ જૈન-સમાજે પાઠ્ય સ્વાધ્યાય-પુસ્તિકામાં, પ્રકરણ-પુસ્તિકામાં, પ્રકરણ-સંગ્રહમાં અને પ્રકીર્ણ-ગ્રંથ-સંગ્રહમાં પણ એને સ્થાન આપી સૈકાઓથી તેના પ્રત્યે આદર દર્શાવેલો જણાય છે. પાટણ, વડોદરા, ખંભાત, છાણી, ડભોઈ, લિંબડી, પાલીતાણા, મુંબઈ, જેસલમેર, બિકાનેર, પૂના, પંજાબ, કલકત્તા (બંગાળ) અને પરદેશોના પ્રખ્યાત સંગ્રહો–ભંડારો–જ્ઞાનમંદિરોમાં આ રત્નમાલાની પચાસ જેટલી પ્રાચીન પ્રતિયો જાણવામાં આવી છે. કાગળો પર જ નહિ, સાતસો વર્ષ પહેલાં તાડપત્રો પર પણ લખાયેલી તેની કેટલીક હસ્તલિખિત પ્રતિયો મળી આવે છે. ગૂજરાતની પ્રાચીન રાજધાની **પાટણ**ના પ્રાચીન ગ્રંથ-ભંડારમાં રહેલી તેવી ૧૫ પ્રતિયોનો નિર્દેશ અમે **પાટણ** જૈન ગ્રંથ-ભંડાર-સૂચી(તાડપત્રીય પ્રથમ ભાગ ગા. ઓ. સિ. નં. ૭૬, સન ૧૯૩૭, પૃ. ૨૪, ૬૪, ૭૦, ૧૦૨, ૧૨૯, ૧૩૩, ૧૪૬, ૧૪૯, ૧૭૪, ૨૬૨, ૨૭૮, ૨૯૬, ૩૮૬, ૪૧૦, ૪૧૨)માં કર્યો છે, જેમાંની કેટલીક વિક્રમની ચૌદમી સદીમાં સંવત ૧૩૦૩માં, ૧૩૨૬માં, સં. ૧૩૩૪માં, અને સં. ૧૩૮૮માં પણ લખાયેલી છે. ડભોઈમાં શ્રીજંબૂસૂરિજીના જ્ઞાનમંદિરની એક પત્રવાળી પ્રતિ (નં. ૬૫૦) સંવત ૧૪૮૨માં કા. વ. ૮ શનિવારે **મુંજિગપુર**માં લખાયેલી જણાવી છે. તેવી જ રીતે વિક્રમના ૧૫મા, ૧૬મા સૈકામાં, તથા તે પછીના સમયમાં લખાયેલી મૂળની પ્રતિયો સંખ્યાબંધ મળે છે. તે સર્વમાં તેના રચનાર કવિનું નામ સ્પષ્ટ રીતે '**શ્વે૦ ગુરુ વિમલ**' છેલ્લી ૨૯મી ગાથામાં દર્શાવ્યું છે. તથા આ રચનાને કવિએ **વિમલ**–નામાંકિત કરી યુક્તિપૂર્વક '**વિમલ**–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નોત્તર – રત્નમાલા' એવા નામથી ઓળખાવી છે. તેમાં **વીર**જિનેંદ્રના મંગલવાળી, અભિધેય સૂચવતી પ્રથમ ગાથા આવી છે :

"प्रणिपत्य **जिनवरेन्द्रं**, **प्रश्नोत्तरमालिकां** वक्ष्ये ।
नाग-नरामर-वन्द्यं, देवं देवाधिपं **वीरम्**[1] ॥ १ ॥"

બીજી તથા ૨૮મી ગાથામાં **વિમલ-પ્રશ્નોત્તર-રત્નમાલા** નામનો નિર્દેશ આવી રીતે કર્યો છે:

"कः खलु नालंक्रियते ?, दृष्टादृष्टार्थ-साधन-पटीयान् ।
कण्ठस्थितया **विमल-प्रश्नोत्तर-रत्नमालिकया** ॥ २ ॥"

"इति कण्ठगता **विमला, प्रश्नोत्तर-रत्नमालिका** येषाम् ।
ते मुक्ताभरणा अपि, विभान्ति विद्वत्-समाजेषु ॥ २८ ॥
रचिता **सितपट-गुरुणा, विमला विमलेन** रत्नमालेव ।
प्रश्नोत्तरमालेयं, कण्ठगता कं न भूषयति ? ॥ २९ ॥"

— મૂળ રચનામાં છેલ્લી આર્યામાં કવિએ પોતાનું નામ **સિતપટ - ગુરુ** = શ્વેતાંબર-આચાર્ય **વિમલ** એવું સ્પષ્ટ રીતે જણાવ્યું છે.

— વિશેષમાં બે શ્વેતાંબર જૈનાચાર્યોએ વિક્રમના તેરમા અને પંદરમા સૈકામાં આ લઘુકૃતિ પર પ્રાસંગિક બોધક દૃષ્ટાંતો સાથે સંક્ષિપ્ત અને વિસ્તૃત વ્યાખ્યાઓ સંસ્કૃતભાષામાં રચેલી છે.

[૧]

આ **પ્ર**શ્નોત્તર-રત્નમાલા પર પહેલી વૃત્તિ વિ. સં. ૧૨૨૩માં **હ**રિપાલ મંત્રીની વિજ્ઞપ્તિથી **હે**મપ્રભસૂરિએ રચી હતી, જેનું શ્લોકપ્રમાણ ૨૧૩૪ જણાવેલ છે. આ વૃત્તિકાર, **ચંદ્ર**પ્રભસૂરિના પટ્ટધર **ધ**ર્મઘોષસૂરિના પ્રશિષ્ય અને **ય**શોઘોષસૂરિના શિષ્ય હતા, જે **ધ**ર્મઘોષસૂરિ જયસિંહરાજા(**સિદ્ધ**રાજ)થી સન્માનિત થયા હતા. વૃત્તિકારે પોતાનો ઉચિત પરિચય તેના અંતમાં કરાવ્યો છે.[2] આ વૃત્તિની પ્રાચીન પ્રતિ વિક્રમની ચૌદમી સદીમાં લખાયેલી જણાય છે. કારણ કે સાધુ (શાહ) **અ**ભયચંદ્રે લખાવેલ એ

---

૧. પાઠાંતરમાં 'प्रथमम्' છે, અન્યત્ર અન્ય સહજ ફેરફારવાળાં પાઠાંતરો મળે છે.

૨. "श्रीजैनशासनांभोधि-समुल्लास-सुधाकराः । जज्ञिरे जगति ख्याताः, **श्रीचंद्रप्रभसूरयः** ॥
धर्माधारतया सुदुश्चरतपश्चारित्रतेजस्तया नानासूरिविनेयसेविततया तैस्तैर्गुणैर्विश्रुतः ।
श्रीचंद्रप्रभसूरिपट्टतिलक(को) निर्ग्रंथचूडामणि-र्जज्ञे **श्रीजयसिंहभूपतिनुतः श्रीधर्मघोषप्रभुः** ॥
तदीयहस्तपद्मेन, लब्धश्रीसूरिसंपदः । बभूवुर्जंगमं तीर्थं, **श्रीयशोघोषसूरयः** ॥ ९ ॥
आवर्जिते गुणगणैर्येषां गभीरिमादिभिः । समं लक्ष्मी-सरस्वत्यौ, समायातां स्वर्ग(?)तले ॥ १० ॥
तेषां सपुण्य-लावण्य-रूप-पांडित्यसंपदां । स्वहस्तदीक्षितैः शिष्यैः, श्री**हेमप्रभसूरिभिः** ॥ ११ ॥
भुवन-श्रुति-रवि-संख्ये वर्षे **हरिपालमंत्रि**-विज्ञप्तेः ।
एषा चक्रे वृत्तिः, **प्रश्नोत्तररत्नमालायाः** ॥ १२ ॥"

—જેસલમેર ભાં. ગ્રંથસૂચી (ગા. ઓ. સિ. નં. ૨૧, પૃ. ૧૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તિકાના અંતમાં શ્રીજિનેશ્વરસૂરિના શિષ્ય દેવમૂર્તિ ઉપાધ્યાયે રચેલી ૨૫ શ્લોકની પ્રશસ્તિ છે.[૩] (આ જિનેશ્વરસૂરિ વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં તથા ચૌદમી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા.)

જેસલમેર-ગ્રંથ-ભંડારમાં રહેલી હજી સુધી અપ્રકાશિત આ વૃત્તિનો આદ્યન્ત ભાગ અમે જેસલમેર-ભંડાર-ગ્રંથ-સૂચી(ગા. ઓ. સિ. નં. ૨૧, પૃ. ૧૦, પ્ર. સન ૧૯૨૩)માં દર્શાવ્યો છે. તથા ત્યાં અપ્રસિદ્ધ ગ્રંથ-ગ્રંથકૃત્ પરિચય(પૃ. ૪૦)માં, જૈનોપદેશગ્રંથોમાં એનો ઉલ્લેખ કર્યો છે. એ પ્રતિમાં પણ 'रचिता सितपटगुरुणा' ગાથા છે, અને તેની વ્યાખ્યામાં મૂલકાર કવિને શ્વેતાંબર-ગુરુ વિમલ જણાવેલ છે.

[૨]

આ પ્રશ્નોત્તર-રત્નમાલાની દૃષ્ટાંતો સાથે વિવરણરૂપ બીજી વૃત્તિ વિક્રમસંવત ૧૪૨૯માં ચંદ્રગચ્છ-(રુદ્રપલ્લીયગચ્છ)ના દેવેન્દ્રસૂરિએ ૭૭૮૦ શ્લો. પ્રમાણ રચી હતી, જેનું સંશોધન મુનિભદ્રસૂરિએ કર્યું હતું.[૪] આ વૃત્તિકારે અંતમાં પોતાનો પરિચય વિસ્તારથી પ્રશસ્તિમાં આપ્યો છે, તથા જે બે સદ્‌ગૃહસ્થોની—ભોલા અને ખેતા નામના ભાઈઓની પ્રેરણાથી તેમણે એ વૃત્તિ રચી હતી, તે ઉપકેશજ્ઞાતિના લિગાવંશનો પણ પરિચય પ્રશસ્તિ દ્વારા કરાવ્યો છે. (કેટલાક વિદ્વાને ભૂલથી આ મુનિભદ્રસૂરિને પણ આના વૃત્તિકાર જણાવ્યા છે.) આ વૃત્તિની વિક્રમસંવત ૧૪૪૧, સં. ૧૪૮૯ અને સં. ૧૫૩૯માં લખાયેલી પ્રાચીન પ્રતિયો પાટણ (શ્વે. જૈનાચાર્ય જયાનંદસૂરિના ઉપદેશથી પૂજીશ્રાવિકાએ લખાવેલ), પૂના (પૂના ડે. કૉલેજના સન ૧૮૮૮માં પ્રકટ થયેલા કેટલૉગમાં ૧૮૮૧-૮૨ના કલેકશનમાં સૂચિત નં. ૧૬૪) અને પરદેશમાં બર્લિનના પુસ્તકસંગ્રહમાં વિદ્યમાન છે. ચાણસ્મામાં સંવત ૧૬૪૦ની પ્રતિ છે. આ વૃત્તિને જામનગર-નિવાસી શ્રાવક પં. હીરાલાલ હંસરાજે સંવત ૧૯૭૧માં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. તે વૃત્તિના અંતમાં પણ મૂળ 'रचिता सितपटगुरुणा' ૨૯મી આર્યા જોવામાં આવે છે. તથા તેની વ્યાખ્યામાં શ્વેતાંબરાચાર્ય વિમલસૂરિએ રચેલી તે પ્ર૦ રત્નમાલા જણાવી છે—

> વ્યા૦ "सितपटाः श्वेताम्बरास्तेषु गुरुः सूरिपदं प्रतिष्ठस्तेन सितपटगुरुणा श्वेताम्बराचार्येण विमलेन विमलनाम्ना सूरिणा विमला गतकल्मषा निर्मला वा रत्नमालेव रचिता विहिता इयं प्रश्नोत्तररत्नमाला कण्ठगता सती गलस्थिता सती पठिता सती कं भविकं न भूषयत्यलंकरोतीत्यर्थः । यथा रत्नमाला गलकन्दलस्था पुमांसं स्त्रियं वा भूषयति, तथेयमपि प्रश्नोत्तररत्नमाला कण्ठपीठस्था अर्थापत्त्याऽधीता सती नरं नारीं वा शृङ्गारयतीत्यार्योऽर्थः ॥
>
> समाप्ता चेयं प्रश्नोत्तररत्नमालावृत्तिः ॥" (પં. હી. હં. પ્ર. પૃ. ૫૬૭)

---

૩. "श्रीजिनेश्वरसूरीणां पादांभोजमधुव्रतैः । श्रीदेवमूर्त्युपाध्यायैर्निर्मितैषा प्रशस्तिका ॥
इति प्रश्नोत्तररत्नमालावृत्तिपु० साधुअभयचंद्रलेखितायाः प्रशस्तिः समाप्ता ॥" — જે. ભં. ગ્રંથસૂચી

૪. "तस्यानुजेन देवेन्द्रसूरिणा विक्रमार्कतः । नन्द-युग्म-पयोराशि-शशाङ्क-प्रमवत्सरे (१४२९) ॥ १७ ॥
प्रश्नोत्तररत्नमालाया वृत्तिर्विदधे मुदा । शोधिता च लसद्भद्रैः श्रीमुनिभद्रसूरिभिः ॥ १८ ॥ युग्मम् "
— પ્રશ્નોત્તરરત્નમાલા સટીકા (પ્ર. પં. હી. હં.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— આ વૃત્તિના પ્રારંભમાં પણ મૂલકારને ગૌરવપૂર્વક **વિમલાચાર્ય, વિમલચંદ્રસૂરિ** એવા નામથી ઓળખાવ્યા છે—

"तत्पट्टाम्भोजतिग्मांशुः, **श्रीदेवेन्द्रमुनीश्वरः** ।
भोला-खेताऽभिध-भ्रातृयुगेनात्यर्थमर्थितः ॥
प्रश्नोत्तररत्नमालां, विमलाचार्यनिर्मिताम् ।
विवृणोति सुदृष्टान्तैर्ह्युपकारी सतां श्रमः ॥ युग्मम् ॥

इह हि श्रेयःश्रीनिवेश**जिनेश**सदुपदेशप्रासादमहास्तम्भे **प्र**श्नोत्तररत्नमाला-प्रकरणप्रारम्भे कुन्दावदात-प्रशमादिगुणभूरिः श्री**विमलचन्द्रसूरिः** शिष्टसमयपालनाय........" (पृ. २)

[3]

આ પ્ર૦ રત્નમાલાના ભાવાર્થને તત્કાલીન ચાલુ ભાષામાં—ગૂજરાતીમાં—સમજાવવા બાલાવબોધ નામથી પણ કેટલાક શ્વે૦ જૈન વિદ્વાન મુનિજનોએ પ્રયત્ન કર્યા છે. તેની પંદરમી-સોળમી સદીમાં લખાયેલી પ્રાચીન પ્રતિયો મળી આવે છે. વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં રહેલી નં. ૨૧૨૬ની ૬ પત્રવાળી પ્રતિ સં. ૧૫૪૩માં માઘ વ. ૧૪ દિને **વિ**શ્વલનગરમાં લખેલી જણાવી છે, તે શ્વે૦ **ત**પાગચ્છાલંકાર-હાર શ્રી**લ**ક્ષ્મીસાગરસૂરિના શિષ્ય **સ**હજચારિત્રગણિએ સ્વ-પરોપકાર માટે લખેલી જણાવી છે, તથા અંતના સૂચન પ્રમાણે તે પ્રવર્તિની **પુ**ષ્પચૂલાને અપાયેલી હતી. તેમાં પણ શ્વે૦ ગુરુ **વિ**મલના નામવાળી આર્યા છે, તથા ગૂજરાતીમાં તેના અર્થમાં એનો ઉલ્લેખ છે. [5]

[४]

વડોદરા–પ્રાચ્યવિદ્યામંદિરમાં (નં. ૭૦૦) આ ગ્રંથની ત્રણ પત્રવાળી બાલાવબોધ સાથેની બીજી પ્રતિ પણ ૧૬ મી સદી જેટલી પ્રાચીન છે, જે ત. **જ**યવૃદ્ધે સા. **સો**મા પાસે લખાવેલ છે, તેમાં પણ એ જ પ્રમાણે શ્વે૦ ગુરુ **વિ**મલનો નામ-નિર્દેશ છે. [6]

---

૫. "**श्वेतांबर गुरु विमलि** रत्नमालानी परिइं **विमल प्रश्नो**त्तररत्नमाला कीधी । ए प्रश्नोत्तरर[त्न]माला कंठि कहिं प्रतिं न भूषइ? अपि तु सविकहिनइ अलंकरइ । इणिइं शास्त्रिइं भणिइं पुरुष शोभा पामइ । अर्थ जाणिइं पुण्य हुइ । इसिउ अर्थ ॥

इति **प्रश्नो**त्तररत्नमालाप्रकरण**बा**लावबोधः समाप्तः । संवत् **१५४३** वर्षे माघवदि १४ दिने लिखि **श्रीविश्वलनगरे** तपागच्छालंकारहार**श्रीलक्ष्मीसागरसूरि**शिष्य पं० सहजचारित्रगणिना स्वपरोपकाराय ॥ प्र० **पुष्फचूलायाः** प्रदत्ता ॥"

૬. "**श्वेतांबर गुरु विमलिइं** रत्नमालानी परिइं **विमल प्रश्नोत्तररत्नमाला** कीधी ए प्रश्नोत्तररत्नमाला कंठि रही कहि प्रति न भूषइं? अपि तु सविकहिनइं अलंकरइ । ईणि शास्त्रि भणिइ पुरुष शोभा पामइ । अर्थ जांणिइं पुण्य हुइ । इसिउ अर्थ ।

इति प्रश्नोत्तररत्नमाला–**बा**लावबोध समाप्तः । श्रीत० **जयवृद्धेण** लिखापितं सा. **सो**मापार्श्वे । श्रीः ॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫-૧૨]

—એ જ પ્રમાણે **વડો**દરા, ડભોઈ અને અન્ય સ્થળોના ગ્રંથ-સંગ્રહોની બાલાવબોધ સાથેની એ ગ્રંથની બીજી પ્રાચીન પ્રતિયોમાં પણ તેવા ઉલ્લેખ જોવામાં આવે છે.

વડોદરા–જૈનજ્ઞાનમંદિરમાં પ્ર. **કાં**તિવિજયજી મ. શાસ્ત્રસંગ્રહમાં નં. ૮૯૦માં બીજી વૃત્તિની પ્રતિ કથા–સંવત ૧૬૪૮માં લખાયેલી છે. તથા ૫૬૫માં, નં. ૫૬૭માં, ૨૦ પત્રવાળી પ્રતિમાં આ પ્ર૦ ૨૦ સાથે સંક્ષિપ્ત કથા-સંબંધ છે, પ્રતિ સં. ૧૬૭૫માં લખાયેલી છે.

વડોદરામાં શ્રીઆત્મારામજી–જૈનજ્ઞાનમંદિરમાં શ્રી**હં**સવિજયજી–શાસ્ત્રસંગ્રહમાં નં. ૨૧૬૪ની ચાર પત્રવાળી પ્ર૦ ૨૦ પ્રતિ સ્તબક–ગુજરાતી ટબા–ભાવાર્થ સાથે છે, તેના અંતમાં જણાવ્યા પ્રમાણે તે સાધ્વી શ્રી**રૂપલક્ષ્મી**-પદસેવિ સાધ્વી ગુણ**લક્ષ્મી**-પઠનાર્થ લખેલી જણાવી છે. તેમાં પણ પૂર્વોક્ત ગાથા છે, તથા તેના અર્થમાં ‘ નીપજાવી **શ્વેતામ્બર** આચાર્યઈ **વિમલ** ઇસિનામઇં ’ જણાવેલ છે.

ડભોઈમાં શ્રી જંબૂસૂરિજીના જૈનજ્ઞાનમંદિરમાં નં. ૪૬૫માં રહેલી ચાર પત્રવાળી પડીમાત્રામાં લખાયેલી પ્ર૦ રત્નમાલા–**બાલાવબોધ**ની પ્રતિ, સંવત ૧૬૯૪ આશ્વિન વ. ૩ ભૌમે લખાયેલી છે, તે **નાગબાઈ**ના પઠન માટે લખાઈ હતી—તેવો તેના અંતમાં ઉલ્લેખ છે—

તેમાં પણ **સિત**પટગુરુ **વિ**મલ નામવાળી આર્યા છે, તેના ભાવાર્થમાં ‘ **નીપજાવી સેતંબરનઇ આચારયઈ** ’ વગેરે ઉલ્લેખ છે.

—એ જ જ્ઞાનમંદિરની નં. ૯૫૪ની ૨૮ પત્રવાળી, વૃત્તિને આધારે સંક્ષિપ્ત કથાવાળી બાલાવબોધ સાથેની પ્ર૦ ૨૦ની પ્રતિ, ઋષિ **સહસ**કરણજીના ચરણ-પ્રસાદથી ઋ. **સાદુ**લે લખી હતી—તેમાં પણ **વિમલ** નામવાળી ગાથાના ભાવાર્થમાં “ નીપજાવી શ્વેતાંબર-ગુરુઇં **વિ**મલનામા આચાર્યઈં ” વગેરે જણાવેલ છે.

—એ જ સંગ્રહની નં. ૧૦૦૧ની ૧૦ પત્રવાળી, તથા નં. ૧૨૮૪ની ૬ પત્રવાળી પ્ર૦ ૨૦ **બા**લાવબોધની પ્રતિમાં પણ તે જ નામ જણાવેલ છે.

મુંબઈ–લાલબાગમાં, મંડલાચાર્ય કમલસૂરિ-ભંડારની સં. ૧૭૫૨માં લખેલી ટબાવાળી પાંચપત્રવાળી પ્ર૦ રત્નમાલાની પ્રતિમાં પણ તે આર્યા છે અને ત્યાં તેવો ઉલ્લેખ જોવાય છે. **વ**ડોદરાના **આ**ત્મારામજી જૈનજ્ઞાનમંદિરમાં શ્રી**હં**સવિજયજી–જૈનશાસ્ત્રસંગ્રહની નં. ૨૧૮૩ મૂળ પ્રતિમાં, તથા નં. ૨૧૩૩ ગુજરાતી ભાવાર્થવાળી પ્ર૦ રત્નમાલાની પ્રતિમાં પણ શ્વે૦ ગુરુ **વિ**મલાચાર્યનો નામનિર્દેશ જોઈ શકાય છે.

પ્રો. પીટર્સનસાહેબના હ. લિ. પુસ્તકોના રિપોર્ટમાં પણ એ જ નામ મળે છે.

‘ એ **કેટલોગ** ઑફ સં. મેન્યુ. ઈન ધી લાયબ્રેરી ઑફ હીજ હાઇનેસ ધી મહારાજા ઑફ **બીકાનેર**’ (ડૅ. **રા**જેન્દ્રલાલ મિત્ર, પ્ર. સન ૧૮૮૦, કલકત્તા) નં. ૧૫૦૬માં જણાવેલ પ્ર૦ રત્નમાલાના અંતમાં પૂર્વોક્ત **સિત**પટગુરુ **વિ**મલનામવાળી આર્યા છે.

‘**કેટલોગ** ઑફ ધી સં. મેન્યુ. ઈન ધી **બ્રિટિશ મ્યુઝિયમ** ’ સન ૧૯૦૨માં **લં**ડનથી પ્રકાશિત પુ. પૃ. ૧૨૮માં નં. ૩૧૧માં પણ એ પ્રમાણે આર્યા જણાવેલ છે.

‘ નોટીસીઝ્ ઑફ સં. મેન્યુ. ૧૮૯૪ એ. સો. બંગાલ ’ પ્ર. સન ૧૯૦૭ વૉ. ૩, પૃ. ૧૨૫, નં. ૧૯૪માં **સિ**તપટગુરુ **વિ**મલ નિર્દેશવાળી આર્યા સાથે પ્ર. રત્નમાલાની ૬ પત્રવાળી પ્રતિ **બ**નારસની દિક્મંડલાચાર્ય મ. **બા**લચંદ્રની જણાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂલથી બુદ્ધિસ્ટ મેન્યુ. તરીકે

"ડિ. કેટલૉગ સં. મેન્યુ. ગવર્નમેન્ટ કલેક્શન અંડર ધી ચેર ઑફ ધી એ. સો. બંગાલ, વૉ. ૧ બુદ્ધિસ્ટ મેન્યુ." સન ૧૯૧૭માં પ્ર. પુ. પૃ. ૧૭૭-૧૭૮માં નં. ૯૯૯૫ 'બ્રોકન પામલીફ' જણાવી સં. મ. હરપ્રસાદ શાસ્ત્રીજીએ જે અવતરણો આપ્યાં છે, તે શ્વે. વિમલસૂરિની પૂર્વોક્ત પ્ર૦ રત્નમાલાની

આર્યા ૧૩ "को नरकः ? परवशता, किं सौख्यं ? सर्वसङ्गविरतिर्या ।"

આર્યા ૧૮ "कुत्र विधेयो यत्नो ? विद्याभ्यासे सदौषधे दाने ॥
अवधीरणा क्व कार्या ? खल-परयोषित्-परधनेषु ॥"

—નિ. સા. કાવ્યમાલા સપ્તમ ગુચ્છક(પૃ. ૧૨૨)માં અને અન્યત્ર જોઈ શકાય છે.

આ પ્ર૦ રત્નમાલા પર શ્રીઆનંદસમુદ્રની સંક્ષિપ્ત વૃત્તિ, તથા અવચૂરિ વગેરે મળે છે, તેમાં પણ શ્વે૦ ગુરુ વિમલને તેના કર્તા જણાવ્યા છે.

પ્રશ્નોત્તર-રત્નમાલા (પ્રાકૃતમાં)

વડોદરા-જૈનજ્ઞાનમંદિરમાં શ્રીહંસવિજયજી-શાસ્ત્રસંગ્રહમાં નં. ૧૦૯૨માં ૨૧ પત્રવાળી નવી પ્રતિ છે, તે સં. પ્ર૦ રત્નમાલાના પ્રાકૃત રૂપાંતર – ભાષાંતરરૂપ છે, તેમાં સાથે ઉત્તમઋષિએ કરેલ વાર્તિક છે, તે પ્રાચીન ગૂજરાતીમાં ભાવાર્થરૂપ છે.

તેના પ્રારંભમાં—'भगवं ! किमुवादेयं ? गुरुवयणं' ઇત્યાદિ છે.

મૂળની ૨૯મી અંતિમ ગાથા આવી છે—

"**पण्हुत्तररयणमालं**, कंठे धारेइ सुद्धभावेण ।
सो नर-सिव-सुहलच्छी, वरइ अचिरेण कालेण ॥"

વાર્તિકના પ્રારંભમાં—'श्रीमद्**वीर**जिनं नत्वा, **गौत**मादिगणाधिपम् ।
ऋष्यु**त्तमे**न आत्मार्थं, क्रियते वार्तिकं मुदा ॥'

અમોઘવર્ષ નામ સાથે

આ **પ્રશ્નોત્તરરત્નમાલા** (મૂળ), નિર્ણયસાગર-મુદ્રણાલય, મુંબઈ તરફથી પ્રકટ થયેલી કાવ્યમાલાના સપ્તમ ગુચ્છકમાં (સન ૧૮૯૦થી સન ૧૯૨૬ ચાર આવૃત્તિમાં) પ્રકાશિત થયેલ છે, ત્યાં પણ છેલ્લી આર્યામાં મળતા ઉલ્લેખ પ્રમાણે આ કૃતિને શ્રીવિમલ-પ્રણીતા (વિરચિતા) પ્રશ્નોત્તર-રત્નમાલા નામથી જણાવી છે. તેમ છતાં સંપાદકે તેમને મળેલ બે પત્રવાળી બીજી એક પ્રતિ, કે જે સૂરતથી શેઠ ભગવાનદાસ કેવલદાસે મોકલી હતી, તેમાં ૨૯મી આર્યાને બદલે મળતું જુદું પદ્ય (અનુષ્ટુપ્ શ્લોક) પાઠાંતર તરીકે ટિપ્પણીમાં જણાવ્યું છે —

"विवेकात्त्यक्तराज्येन राज्ञेयं रत्नमालिका । रचितामोघवर्षेण सुधियां सदलंकृतिः ॥"

દિગંબર જૈન વિદ્વાનો આ પદ્ય જોઈ આ કૃતિને રાજા અમોઘવર્ષની—રાજ્યનો ત્યાગ કરી થયેલા દિ૦ જૈન સાધુની રચના જણાવે છે. ઇંડિયન એન્ટિકવેરી વૉ. ૧૫, પૃ. ૩૭૮ અને અન્યત્ર આ ગ્રંથના કર્તા તરીકે અમોઘવર્ષને ઠરાવવા દિ૦ વિદ્વાનોએ પ્રયત્ન કર્યા જણાય છે. સુપ્રસિદ્ધ લેખક પં૦ નાથૂરામ પ્રેમીજીના સન ૧૯૪૨માં પ્રકાશિત થયેલા હિંદી 'જૈન સાહિત્ય ઔર ઇતિહાસ' પુસ્તકમાં 'તીન મહાન ગ્રન્થકર્તા' સંબંધમાં જણાવતાં, **અમોઘવર્ષ**(પ્રથમ)નો ઉલ્લેખ કરતાં તેવા આશયનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચન પૃ. ૫૧૮માં કર્યું છે. વિશેષમાં પૃ. ૫૨૦માં 'ક્યા અમોઘવર્ષ જૈન થે?' એને પ્રમાણિત કરવા માટે અન્યોન્યાશ્રિત આ **પ્રશ્નોત્તરરત્નમાલા** સંબંધમાં જણાવ્યું છે કે —

" ऊपर हम **अमोघवर्षकी प्रश्नोत्तररत्नमालाका** जिक्र कर आये हैं। एक तो उसके मंगलाचरणमें **वर्द्धमान** तीर्थंकरको नमस्कार किया गया है और दूसरे उसमें अनेक बातें जैनधर्मानुमोदित ही कही गई है। इससे कमसे कम उस समय जब कि रत्नमाला रची गई थी, अमोघवर्ष जैनधर्मके अनुयायी ही जान पड़ते हैं।

प्रश्नोत्तररत्नमालाका तिब्बती भाषामें एक अनुवाद हुआ था जो मिलता है और उसके अनुसार **वह अमोघवर्षकी ही बनाई हुई है।** ऐसी दशामें **उसे शंकराचार्यकी, शुक यतीन्द्रकी या विमलसूरिकी रचना बतलाना जबर्दस्ती है।"**

તથા ત્યાં નીચે ૪-૫ ટિપ્પણીમાં જણાવ્યું છે કે —

" शंकराचार्य और शुक यतीन्द्रके नामकी जो प्रतियाँ मिली हैं उनमें छह सात श्लोक नये मिला दिये गये हैं परन्तु वे **वसन्ततिलका** छन्दमें है जो बिल्कुल अलग मालूम होते हैं और उनके अन्त्यपद्योमें न शुकयतीन्द्रका नाम है और न शंकरका।

" **श्वेताम्बर साहित्यमें ऐसे किसी विमलसूरिका उल्लेख नहीं मिलता जिसने प्रश्नोत्तर-रत्नमाला बनाई हो। विमलसूरिने अपने नामका उल्लेख करनेवाला जो अन्तिम पद्य जोड़ा है** वह आर्याछन्दमें है, परन्तु ऐसे **लघु प्रकरण-ग्रन्थोंमें अन्तिम छन्द आम तौरसे भिन्न होता है** जैसा कि वास्तविक प्र० र० मालामें है और वही ठीक मालूम होता है।"

પ્ર૦ રત્નમાલાના રચનાર શ્વે૦ જૈનાચાર્ય **વિ**મલને બદલે દિ૦ **અ**મોઘવર્ષને ઠરાવવા પં. પ્રેમીજીએ કરેલી દલીલો યુક્તિ-યુક્ત નથી — એમ પૂર્વમાં જણાવેલાં પ્રમાણે જોનાર-વાંચનાર વિચારક વાચકોને સમજાશે. **અ**મોઘવર્ષના નામનિર્દેશવાળી પ્રતિ કેટલી પ્રાચીન છે? તે કોણે ક્યારે લખાવી છે? અથવા તેમાં છેલ્લા શ્લોકનું લેખન કેટલું પ્રાચીન છે? તે કોઈએ જણાવ્યું નથી. પૂર્વે દર્શાવેલાં પ્રમાણો જોતાં-વિચારતાં સંભવ તો એ છે કે આર્યામય એ કૃતિમાં જુદો તરી આવતો **અ**મોઘવર્ષ નામવાળો અંતનો અનુષ્ટુપ્ શ્લોક કોઈએ પાછળથી જોડી દીધો જણાય છે. આ કાંઈ મહાકાવ્ય નથી કે મહાકાવ્યનાં લક્ષણો પ્રમાણે તેના સર્ગ-પરિચ્છેદના અંતની જેમ પ્રકરણના અંતમાં પણ શ્લોક ભિન્ન છંદમાં હોવો જોઈએ.

શ્વે૦ જૈન સાહિત્યમાં **વિ**મલસૂરિ નામના અનેક જૈનાચાર્યોનાં નામ મળી આવે છે, તેમાં વિ. સં. ૬૦ (મહાવીર નિર્વાણ પછી ૫૩૦ વર્ષે) પ્રા. પઉમચરિય રચનાર **વિ**મલસૂરિ સુપ્રસિદ્ધ છે, કે જેની રચનાનું સંસ્કૃતમાં પલ્લવિત રૂપાંતર पद्मचरित નામથી દિ૦ જૈન કવિ રવિષેણે કરેલું જાણીતું છે. એ જ શ્વે૦ **વિ**મલસૂરિની કે તે પછીના બીજા **વિ**મલસૂરિની આ રચના માનવી જોઈએ.

વિવેકથી રાજ્યનો ત્યાગ કરનાર નિસ્પૃહ ત્યાગી આવી લઘુકૃતિના અંતમાં પોતાને રાજા **અ**મોઘવર્ષ તરીકે ઓળખાવે, પોતાના પૂર્વનામને પ્રકટ કરે, એવા પૂર્વનામના મોહનો ત્યાગ ન કરે અને પોતાની સાધુ-અવસ્થાનું નામ પ્રકાશિત ન કરે! એ સર્વ વિચાર કરતાં પણ **અ**મોઘવર્ષ—નામવાળો શ્લોક પાછળથી કોઈએ જોડી દીધો હોય તેમ જણાઈ આવે છે. **અ**મોઘવર્ષ દિ૦ જૈને આ પ્ર૦ રત્નમાલા રચી એવું દિ૦ સાહિત્યમાં ક્યાં ક્યાં મળે છે? એવું પં. પ્રેમીજીએ ત્યાં જણાવ્યું નથી. પ્ર૦ રત્નમાલાના તિબ્બતી અનુવાદમાં **અ**મોઘવર્ષનું નામ મળે છે — એ કથન માટે પણ ત્યાં પ્રમાણ દર્શાવ્યું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકરાચાર્ય નામ સાથે

બૃહત્સ્તોત્રરત્નાકર (લક્ષ્મી વેંકટેશ્વર સ્ટીમ પ્રેસ સં. ૧૯૮૫માં પ્ર.) પૃ. ૫૬૮–૫૭૨માં તથા બૃહત્સ્તોત્રરત્નહાર (સન ૧૯૨૫માં મ. ઈ. દેસાઈ દ્વારા ગુજરાતી ન્યુઝ પ્રિ. પ્રેસ, મુંબઈથી પ્ર.)માં પૃ. ૮૩૮થી ૮૪૦માં વેદાંતસ્તોત્રોમાં આ પ્રશ્નોત્તરરત્નમાલિકા પ્રકાશિત થઈ છે, તેમાં 'प्रणिपत्य जिनवरेन्द्रं'–એ મંગલાચરણવાળી પ્રથમ આર્યા નથી, તથા અંતની 'रचिता सितपटगुरुणा' નામવાળી આર્યા નથી. ૨૮ આર્યા પછી અંતમાં ગદ્યમાં 'इति श्रीमत्परमहंस० **'श्रीमच्छङ्कराचार्यकृता'** આ કૃતિને જણાવી છે.

'ધી વકર્સ ઑફ શ્રીશંકરાચાર્ય' વૉ. ૧૬ (શ્રીરંગમ્ શ્રીવાણીવિલાસ પ્રેસથી પ્રકાશિત) પ્રકરણ-પ્રબંધાવલિ(દ્વિતીય ભાગ પૃ. ૮૭થી ૧૦૪)માં પ્રશ્નોત્તરરત્નમાલિકા પ્રકટ કરી છે, તેમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણે મંગલ, અભિધેયવાળી આર્યા નથી, 'कः खलु नालंक्रियते'થી પ્રારંભ છે. ૨૭ શ્લોકો પ્રસ્તુત વિમલ-પ્રશ્નોત્તરરત્નમાલાના છે, ત્યાં 'रचिता सितपटगुरुणा' વિમલનામવાળી આર્યા નથી. વધારામાં ૨૮થી ૬૬ પદ્યો છે. ૬૭મું પદ્ય આવું છે—

"इत्येषा कण्ठस्था, प्रश्नोत्तररत्नमालिका येषाम् ।
ते मुक्ताभरणा इव, विमलाश्चाभान्ति सत्समाजेषु ॥"

અંતમાં ગદ્યમાં "इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य श्रीमच्छंकर-भगवतः कृतौ प्रश्नोत्तररत्नमालिका संपूर्णा ॥" આવો ઉલ્લેખ છે.

—પહેલાં દર્શાવેલાં પ્રમાણોનો વિચાર કરતાં આગળનું મંગલ-અભિધેયવાળું પદ્ય કાઢી નાખી પાછળથી કર્તાનું નામ બદલી આમાં કોઈએ પ્રક્ષિપ્ત ભાગનો વધારો કર્યો જણાય છે.

શંકરાચાર્ય નામ સાથે બીજી પ્રશ્નોત્તર-મણિરત્નમાલા

શંકરાચાર્ય નામ સાથે એક બીજી પ્રશ્નોત્તર-મણિરત્નમાલા નામની કૃતિ મળે છે, પરંતુ તે આર્યાછંદમાં નથી, તે ઉપજાતિછંદમાં દ્વાત્રિંશિકા (બત્રીશી) છે. તે રચના જુદા પ્રકારની છે. તેનાં આદિ-અંતનાં પદ્યો તથા અંતિમ ઉલ્લેખ જુદો છે—

આદિ—"अपारसंसारसमुद्रमध्ये, सम्म(निम)ज्जतो मे शरणं किमस्ति ? ।
गुरो ! कृपालो ! कृपया वदैतद्, विश्वेशपादाम्बुज-दीर्घनौका ॥ १ ॥

અંતમાં—कण्ठं गता वा श्रवणं गता वा, प्रश्नोत्तराख्या मणिरत्नमाला ।
तनोतु मोदं विदुषां प्रयत्नाद्(सुरम्या), रमेश-गौरीश-कथेव सद्यः ॥ ३२ ॥
श्रीमच्छङ्कराचार्यविरचिता प्रश्नोत्तररत्नमाला समाप्ता ॥"

બૃહત્સ્તોત્રરત્નહારમાં (પૃ. ૮૦૪થી ૮૦૭) અને અન્યત્ર વેદાંતસ્તોત્રોમાં એ પ્રકાશિત થયેલ છે.

કેટલાક સાક્ષરોએ વિમલસૂરિની પૂર્વોક્ત પ્રશ્નોત્તરરત્નમાલાને જ ભ્રમથી શંકરાચાર્યની કૃતિ સમજી લીધી જણાય છે. ખરી રીતે આંતર અવલોકન કરતાં ઉપર જણાવ્યા પ્રમાણે તે બંને કૃતિઓ સ્પષ્ટ રીતે જુદી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'બુદ્ધિપ્રકાશ' માસિક સન ૧૯૦૬ નવેંબરના પુ. ૫૩, અંક ૧૧માં પૃ. ૩૩૪થી ૩૩૭ ઉપર "પ્રશ્નોત્તરમાલા" સંબંધમાં લે. **નરસિંહરાવ** હરિલાલ **ધ્રુવે** ચર્ચા કરી હતી. તેના ચાર કર્તા (૧) શ્વે૦ જૈન **વિમલ**, (૨) યતીન્દ્ર **શુકદેવ**, (૩) **શંકરાચાર્ય** અને (૪) અમોઘવર્ષ સંબંધમાં પોતાના વિચારો જણાવતાં 'કોઈ જૈન વિદ્વાને તેમાં **વિમલાચાર્ય**નું નામ દાખલ કરી દીધું હોય' એવો આક્ષેપ કર્યો હતો—તે અનુચિત હતો તે પહેલાં આપેલાં પ્રમાણો જોનાર-વાંચનાર વિચારક વાચકો સમજી શકે તેમ છે. તથા તે લેખકે તે ગ્રંથને જૈનેતર કૃતિ તરીકે ઓળખાવવા શ્લો. ૮, ૧૦, ૨૦, ૨૪ તથા ૩૦મા શ્લોકના જે અવતરણો આપ્યાં હતાં, તે શ્વે૦ ગુરુ **વિમલસૂરિની પ્રશ્નોત્તરરત્નમાલા**નાં નહિ, પણ ઉપર જણાવેલ **શંકરાચાર્ય**કૃત મનાતી **પ્રશ્નોત્તરમણિરત્નમાલા** નામની બીજી કૃતિમાંનાં છે. લેખકે સરખા નામવાળી કૃતિના ભ્રમથી વિમલસૂરિની પૂર્વોક્ત પ્ર૦ રત્નમાલામાં તે જણાવેલા શ્લોકો છે કે કેમ? તે જોયું જણાતું નથી.

શુક યતીન્દ્રના નામ સાથે

જર્નલ રો. એ. સો. બંગાલ વૉ. ૧૬ ભા. ૨, પૃ. ૧૨૩૫માં જણાવ્યા પ્રમાણે તે કૃતિના અંતમાં આવો ઉલ્લેખ છે—

"इति श्री**शुक**यतीन्द्रविरचिता **प्रश्नोत्तरमाला** समाप्ता।" તે બીજી **પ્રશ્નોત્તરમણિરત્નમાલા**ના અંતમાં જણાય છે.

ઉપસંહાર

વિશેષમાં, **પૂના** ભાં. ઓ. રિ. ઇન્સ્ટિટ્યૂટ તરફથી સન ૧૯૪૪માં પ્રકાશિત થયેલ, પ્રો. હરિ દામોદર વેલણકર, એમ. એ., એમના પ્રયત્નથી તૈયાર થયેલ ગ્રંથ **જિનરત્નકોશ** (ભા. ૧, પૃ. ૨૭૬-૨૭૭)માં પૂર્વોક્ત **પ્રશ્નોત્તરરત્નમાલા**ના કર્તા **વિમલસૂરિ** જણાવ્યા છે. તેની મૂળની, વૃત્તિ, ટીકા આદિની પ્રતિયો ક્યાં ક્યાં? કયા કયા સંગ્રહોમાં, હ. લિ. પુ. ના કયા કયા રિપોર્ટ, કેટલૉગમાં છે? તે જાણવા ઇચ્છનાર ત્યાંથી જાણી જોઈ શકશે—અને સત્ય સ્વીકારશે—એવી આશા છે.

આ સંબંધમાં 'प्रश्नोत्तररत्नमालाका कर्ता (?)' આવો એક અમારો હિંદી લેખ વીરનિ. સં. ૨૪૭૬માં **સાગર**થી પ્રકાશિત 'वर्णी अभिनंदन ग्रंथ'માં પૃ. ૪૧૯થી ૪૨૨માં પ્રકાશિત થયેલ છે, પરંતુ તેમાં સંપાદક તરફથી કેટલુંક પરિવર્તન થયું જણાય છે, તેથી અહીં ફરીથી બીજી રીતે થોડા વિસ્તારથી પ્રમાણો સાથે પુનઃ પ્રયત્ન કર્યો છે. સત્ય-શોધકો આથી સંતુષ્ટ થશે—એવી શુભ ભાવના સાથે વિરમું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org